| | |
|---|---|
| રજુ તારીખ: | તા.૧૨/૧૦/૨૦૧૭ |
| દાખલ તારીખ: | તા.૧૩/૧૦/૨૦૧૭ |
| ફેંસલ તારીખ: | તા૦૭/૦૫/૨૦૨૬ |
| <u>અવધિ: વર્ષ: માસ: દિવસ</u><br>૦૮ : ૦૬ : ૨૫ | |

**શ્રી રાજેન્દર સિંધ, પ્રમુખ અધિકારી, ઔધોગિક ન્યાયપંચ, અમદાવાદ,**

**(કલોલ/મહેસાણા કોર્ટ સીટીંગ) સમક્ષ.**

**રેફરન્સ(આઇ.ટી) નં.૧૭૪/૨૦૧૭**

**આંક–૩૨**

**પ્રથમપક્ષકાર :-** **(૧)** સુપ્રિ. એન્જીનીયરશ્રી,
ઉત્તર ગુજરાત વિજ કંપની લી., સર્કલ ઓફીસ,
રેલ્વે ક્રોસીંગ પાસે, સાબરમતી, અમદાવાદ
**(૨)** એકઝી.એન્જીનીયરશ્રી,
ઉત્તર ગુજરાત વિજ કંપની લી.,ડી.વી.ઓફીસ,
મહેન્દ્રમીલ રોડ, ૬૬,કે.વી.કંમ્પાઉંન્ડ,કલોલ(ઉ.ગુ)
**(૩)** શ્રી જી.યુ.મલેક, સુપ્રિ. એકાઉન્ટ,
ઉત્તર ગુજરાત વિજ કંપની લી.,ડી.વી.ઓફીસ,
૬૬,કે.વી.કંમ્પાઉંન્ડ,કલોલ જી-ગાંધીનગર.
**(૪)** એડ જનરલ મેનેજરશ્રી,
ઉત્તર ગુજરાત વિજ કંપની લી., રજી.એન્ડ કોર્પો.
ઓફીસ, મહેસાણા.

**અને**

**બિજા પક્ષકાર :-** લી.સેક્રેટરીશ્રી, ગુજરાત વિધૃત કર્મચારી ઉત્કર્ષ મંડળ,
તા.કલોલ, જી-ગાંધીનગર.

**વિષય:-** ઔધોગિક વિવાદ ધારો,૧૯૪૭ અન્વયે ન્યાય નિર્ણય
કરવા બાબત.

**પ્રતિનીધીત્વ:-** **પ્રથમપક્ષકાર તરફે :-** વિ.વ.શ્રી એ.ડી.ત્રીવેદી.
**બીજાપક્ષકાર તરફે :-** પ્રતીનીધીશ્રી પરેશ સકશેના.

**–: એવોર્ડ :--**

**(૧)..** હાલનો રેફરન્સ શ્રમ આયુકતની કચેરી, ગુજરાત રાજય, ઉધોગભવન બ્લોક ૧૧–૧૨-૧૪, બીજો માળ, સેકટર-૧૧ ગાંધીનગર. તા.૧૦/૧૦/૨૦૧૭ ના હુકમ ક્રમાંક: કે. એચ. એ. એચ. એમ. સી / ૪૦૨૯૩ / ૫ / ૨ /આઈડીઆર/એજે/૨૧૯/૨૦૧૭થી આ ઔધોગિક વિવાદ આઈ.ડી.એકટની કલમ-૧૦ (૧) અન્વયે ન્યાય નિર્ણય માટે ઔધોગિક ન્યાયપંચ, અમદાવાદને સુપ્રત કરવામાં આવેલ છે.

**(૨)..** **" અનુસુચિ "**

શ્રી પી.આર.સકસેના, જુનીયર આસી.(મીટર રીડર) નારદીપુર સબ ડીવીજન, ઉત્તર ગુજરાત વિજ કંપની લી., ને ફરમાવવામાં આવેલ તહોમતનામું તથા તેના સદર્ભે તપાસ કરી ફરમાવવામાં આવેલ સજા રદ કરી અટકાવવામાં આવેલ તમામ લાભો પાછલી અસરથી આપવા જોઈએ કે કેમ?

**(3)..** સદર કામમાં સરળતા ખાતર પ્રથમ પક્ષકારને સંસ્થા તરીકે અને બીજા પક્ષકારને કામદાર તરીકે સંબોધવામાં આવશે.

**(૪)..** સદર કામે બીજાપક્ષકાર કામદાર તરફે આંક-૦૬ માંગણાનું નિવેદન રજુ કરવામાં આવેલ છે અને અનુસુચીમાં જણાવેલ માંગણીનું પુનરાવર્તન કરી રજુઆત કરી જણાવે છે કે, સબંધીત કામદારને કોઇ જ જાતની ચેતવણી મેમો, કે અન્ય લેખીત આપ્યા સિવાય કે પ્રારંભીક તપાસ કર્યા સિવાય પ્રથમપક્ષકાર ધ્વારા સીધી જ કારણદર્શક નોટીસ આપવામાં આવેલ અને કારણદર્શક નોટીસના સંદર્ભમાં સબંધીત કામદાર ધ્વારા પુરાવો માંગતા આવા પુરાવો આપવામાં ઈન્કાર કરવામાં આવેલ છે. વધુમાં સંબધીત કામદારને બચાવની તક આપ્યા સિવાય તહોમતનામુ આપવામાં આવેલ તે અન્યાયી અને ગેરકાયદેસર અને કુદરતી ન્યાયના સિધ્ધાંત વિરુધ્ધનું છે. વધુમાં સંબધીત કામદાર ધ્વારા એવુ કૃત્ય કરેલ નથી કે કંપનીને નુકશાન થાય તેમ છતા તેમનો જવાબ ગ્રાહય રાખ્યા વગર પ્રથમપક્ષકાર ધ્વારા તેમની વિરુધ્ધ તહોમતનામુ ચલાવવાનો નિર્ણય લીધેલ. વધુમાં તહોમતનામું કુદરતી ન્યાયના સિધ્ધાંત વિરુધ્ધ હોવા છતા સંબંધીત કામદારે સુનાવણી દરમ્યાન હાયર ગ્રેડ અન્યાય બાબતે રીપોર્ટ માંગેલ તેનો કોઇ જવાબ આપવામાં આવેલન નથી. વધુમાં સબંધીત કામદાર વિરુધ્ધ તપાસની કાર્યાવાહી અહેવાલ આપેલ અને

સાક્ષીઓના નિવેદનો નોંધવામાં આવેલ. વધુમાં સંબધીત કામદાર દોષીત ના હોવા છતા તેમને સજા અંગેની નોટીસ આપવામાં આવેલ અને તેમને વર્ષ–૨૦૦૪ થી હાયર ગ્રેડ આપીને અન્યાય કરવામાં આવેલ. વધુમાં સંબંધીત કામદારને વગર કોઈ કારણે કારણદર્શક નોટીસ, તહોમતનામુ આપીને તપાસ કરીને અન્યાયી રીતે સજા કરેલ હોવાથી તેઓ ડીસેમ્બર-૨૦૧૩ થી સતત માનસીક ત્રાસ માંથી પસાર થયેલ હોવાથી તેઓ ગંભીર બીમારીઓનો ભોગ બનેલ છે. જેથી બીજાપક્ષકાર સંબધીત કામદારને ફરમાવવામાં આવેલ તહોમતનામુ/સજા રદ કરવા તથા સબંધીત કામદારને માનસીક તણાવના હીસાબે સેકસયુઅલ લાઈફ તથા ડાયાબીટીસ જેવા ગંભીર રોગો થયેલ હોવાથી સંબંધીત કામદારને પ્રથમપક્ષકાર પાસે થી રૂા.૧૫ લાખ અપાવવા અને રેફરન્સના ખર્ચ પેટે રૂા.૨૦,૦૦૦/– અપાવવા વિનંતી કરેલ છે.

**(૫)..** આ કામે પ્રથમપક્ષકાર સંસ્થા નં.૧ તરફે આંક-૧૧ થી લેખીત જવાબ રજુ કરવામાં આવેલ છે અને જણાવેલ છે કે, બીજાપક્ષકારનો સદર રેફરન્સ કાયદેસર રીતે ચાલી શકે તમે ન હોઈ રદ થવાને પાત્ર છે અને બીજાપક્ષકારે તેઓના માંગણાના નિવેદનમાં જણાવેલ તમામ દાદમાંની કોઈપણ દાદ મેળવવા હકકદાર નથી તેવુ જણાવી વધુમાં જણાવેલ છે કે, કુદરતી ન્યાયના સિધ્ધાંતને અનુસરીને ખાતાકીયતપાસ કરવામાં આવેલ છે અને તેમને બચાવ અને રજુઆતની તમામ તક ઉપલબ્ધ કરાવવામાં આવેલ છે.વધુમાં બીજાપક્ષકાર કામદારને તહોમતનામુ આપતા પહેલા તા.૯/૧૨/૨૦૧૩ ના રોજ કારણદર્શક નોટીસ આપવામાં આવેલ અને બીજાપક્ષકારે નોટીસનો જવાબ આપેલો. વધુમાં બીજાપક્ષકારને તા.૩૦/૧/૨૦૧૪ ના રોજ તહોમતનામું આપવામાં આવેલ અને બીજાપક્ષ્કાર કામદાર ગેરશીસ્ત ભર્યુ વર્તન કરવા ટેવાયેલા છે અને તેમની વિરુધ્ધ ખાતાકીય તપાસ કરી તેમની સામે મુકવામાં આવેલ આક્ષેપ સાબીત થતા તેમની વિરુધ્ધ નિતી નિયમોનુસાર પગલા લેવામાં આવેલ. વધુમાં સંબધીત કામદાર વિરુધ્ધ પોતાની અંગત માંગણીઓ સંતોષવા માટે જાતીનો સહારો લઈ કંપનીના મુખ્ય વહીવટકર્તા મેનેજીંગ ડાયરેકટરની એકટ્રોસીટી એકટ અન્વયે કાર્યાવાહી કરવાની ધમકી આપવાની હકીકત ખાતાકીય તપાસમાં સાબીત થયેલ હોવાના કારણે તેમની વિરુધ્ધ પગલા લેવામાં આવેલ અને તેમનો એક વાર્ષિક ઈજાફો બીનકાયમી અસરથી બંદ કરવામાં આવેલ. સંબંધીત કામદાર વિરુધ્ધ ખાતાકીય તપાસ કુદરતી ન્યાયના સિધ્ધાંતોને

અનુસરી કરી બીજાપક્ષકારને કોઇ પણ અન્યાય કરેલ નથી અને તેઓ કોઇપણ દાદ મેળવવા હકકદાર નથી અને તેમની માંગણીને સમયમર્યાદાનો બાદ હોય ઉદાહરણ સ્વરુપ કોસ્ટના હુકમથી કાઢી નાખવા રજુઆત કરેલ છે.

**(૬)..** આમ જયારે બીજાપક્ષકાર કામદારએ સંસ્થાની સામે જે પ્રકારનો વિવાદ ઉપસ્થીત કરેલ હોય તો તે અંગેનાં ઉપલબ્ધ પુરાવાઓ રજુ કરવા જોઈએ. સદર કામે બીજાપક્ષકાર તરફે આંક-૨૩ થી સંબંધીત કામદારે પોતે સાક્ષી તરીકે આવી એફીડેવીટ રજુ કરેલ છે તેમજ આંક–૨૨ થી દસ્તાવેજી લીસ્ટ પણ રજુ કરેલ છે પરંતુ તેઓ ઉલટતપાસ માટે હાજર ના રહેતા તા.૦૮/૦૪/૨૦૨૬ ના રોજ આંક-૨૩ થી રજુ સોગંદનામું ડીસ્કાર્ડ કરવાનું હુકમ કરેલ. નામ.સુપ્રીમ કોર્ટનો ચુકાદો વિધ્યાધર વિરુધ્ધ માનીકરાવ, એ.આઇ.આર ૧૯૯૯ એસ.સી ૧૪૪૧ માં નામ. સુપ્રીમ કોર્ટે એવુ તારણ આપેલ કે, પક્ષકાર દાવામાં આવતા ના હોય અને વીટનેશ બોકસમાં જુબાની માટે હાજર રહેતા ના હોય અને તેમની ઉલટતપાસ માટે હાજર રાખતા ના હોય તો તેમના સોગંદ ઉપરનો પુરાવો ગ્રાહય રાખવાપાત્ર નથી. જેથી આંક-૨૩ થી રજુ પુરાવારુપી સોગંદનામા માં જણાવેલ હકીકતો પુરાવામાં ગ્રાહય કરી શકાય તેમ નથી. વધુમાં આંક-૨૪ થી ૨૯ સુધી દસ્તાવેજોની ફોટોકોપી જે રજુ છે તેને પણ બીજાપક્ષકાર તરફે પુરવાર કરવામાં આવેલ ના હોવાથી તે દસ્તાવેજોને પણ પુરાવામાં ગ્રાહય ગણી શકાય નહી. જેથી બીજાપક્ષકાર ધ્વારા માંગણાના નિવેદનમાં જણાવેલ હકીકતો પુરવાર કરવામાં આવેલ નથી. વધુમાં બીજાપક્ષકારને પુરતી તક આપવા છતાં હાજર રહી માંગણાના નિવેદનમાં જણાવેલ હકીકત મૌખિક પુરાવા કે દસ્તાવેજી પુરાવા રજુ કરી પુરવાર કરેલ નથી. તેમ છતાં આ કામે કામદાર ભલે પોતાના પુરાવા આપવા હાજર થયેલ ન હોય પરંતુ રજુ થયેલ દસ્તાવેજી પુરાવો ધ્યાને લેતાં અદાલતે ગુણદોષનાં આધારે કેસનો નિર્ણય કરવાનો હોય છે. જયારે નામદાર ગુજરાત હાઈકોર્ટનાં જી.એલ.આર. ૨૦૦૪ (૨) પાના નં.૧૪૭૫ મોહિતોષદાસમાં ઠરાવવામાં આવેલ છે કે, કામદાર પુરાવો આપે કે ન આપે, પરંતુ નામદાર અદાલત સમક્ષ જે કાંઈ દાવા અરજી, દાવા અરજીનો જવાબ અને રજુ થયેલા દસ્તાવેજ હોય તેના ઉપરથી નામદાર અદાલતે મેરીટ ઉપર જજમેન્ટ આપવા જોઈએ. પરંતુ કોઈપણ સિવિલ પ્રકારનાં કેસમાં પ્રત્યેક પક્ષકારોને પોતાના કેસની હકીકતો સોગંદ ઉપર તેમજ દસ્તાવેજોથી બંને રીતે પુરવાર કરવી જોઈએ. હાલનાં કામે કામદાર પોતાના કેસની કોઈ હકીકત સોગંદ

ઉપર પુરવાર કરેલ નથી કે કોઈ દસ્તાવેજી પુરાવો આપેલ નથી તેમજ સદર કામે જે રેફરન્સ અન્વયે રેકર્ડ રજુ છે તેમાં એવી કોઈ હકીકત રેકર્ડે આવેલ નથી કે બીજાપક્ષકારની તરફેણમાં કોઈ હુકમ પસાર કરી શકાય. વધુમાં સિવિલ કાયદાનાં પ્રસ્થાપિત સિધ્ધાંત પ્રમાણે પ્રત્યેક પક્ષકારે પોતાનો કેસ પુરવાર કરવો જોઈએ. હાલનાં કામે જોવામાં આવે તો બીજાપક્ષકાર તરફે કામદારે હાજર થઈને આવી કોઈ હકીકતો પુરવાર કરેલ નથી. વધુમાં બીજાપક્ષકાર સંબંધીત કામદાર ધ્વારા આંક-૩૧ થી સદર રેફરન્સ વિડ્રો કરવા માટે પુરસીસ પણ આપેલ હોવાથી બીજાપક્ષકાર કામદારનો રેફરન્સ ગ્રાહય રાખી શકાય તેમ નથી. તેથી ન્યાયનાં હિતમાં નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

**-: હુ ક મ :-**

**(૧)** બીજાપક્ષકાર કામદારનો **રેફરન્સ(આઈ.ટી.)નં.૧૭૪/૨૦૧૭** આથી નામંજુર (રદ) કરવામાં આવે છે.

**(૨)** ઔધોગિક વિવાદ ધારા અન્વયે એવોર્ડ પ્રસિધ્ધી અર્થે મોકલવો.

**(૩)** રેફરન્સનાં ખર્ચ અંગે કોઈ હુકમ નથી.

**(૪)** વધુમાં સદર રેફરન્સનો એવોર્ડ કામદાર/બીજાપક્ષકારની ગેરહાજરીના લીધે એકતરફી પસાર કરેલ હોવાથી સંબંધીત પક્ષકાર ગુજરાત ઈન્ડસ્ટ્રીયલ ડીસ્પ્યુટ રુલ્સ ૧૯૬૬ ના રુલ ૨૬-એ મુજબ પુન:સ્થાપનની અરજી કાયદાકીય સમય મર્યાદામાં કરી શકશે અને તે અરજીનો નિર્ણય ખર્ચને આધીન રહેશે.

Digitally signed by
RAJENDER SINGH
at Kalol
on 07/05/2026 17:04:44 IST.

તા. ૦૭/૦૫/૨૦૨૬
સ્થળ:- કલોલ.

(રાજેન્દર સિંધ)
કોડ નંબર જીજે-૦૧૦૮૫
પ્રમુખ અધિકારી,
ઔધોગિક ન્યાયપંચ,અમદાવાદ,
(કલોલ/મહેસાણા કોર્ટ સિટીંગ)